૩૫૫૦

બાસુદીપુરીનો હાસ્યરસ

રમુજી હારસ.

બનાવનાર.

ઠક્કર શ્રીક્રસનજી વીઠલદાસ [illegible]વાણી.
ચુરડી જકાતના હેડ કલાર્ક—ભાવનગર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ખુરેસી રેહેમાન રાયમલ.
ભાવનગર.

દોહરો.

સુરાજનો લક્ષમાં લહો, મન રંજન સુખદાય;
હારસ બાસુદી તણો, સાર ગ્રહો મનમાંય.

(આવૃતિ પેહેલી- પ્રત ૧૫૦૦)
અમદાવાદ—ધીનકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.
સને ૧૮૮૯ સંવત ૧૯૪૫.
કીંમત રૂ.૦-૧-૦

બાસુદીપુરીનો રમુંજી ફારસ.

પ્રવેશ પેહેલો.

(બ્રાહ્મણો ભોજન માટે ગડબડ કરે છે.)

(મેરે કાજીસાહેબ—એરાગ.)

બ્રાહ્મણો—મારા બુઢાકાકા, મારા બુઢાકાકા;
સ્વાદ મીષ્ટાન અમને, બહુ ભાવેરે. ટેક.

બુઢો—બોલોને છોકરાઓ, શું ખાવાનું છે મન;
જજમાન એવો મળે તો, કરાવે ભોજન. મારા૦

૧ **બ્રાહ્મણ**—અમારે તો કાકા જોઈએ, શેરશેરના લાડુ;
ઘી માંહે લચપચે તો, તનડું થાયે ટાઢુ. મા૦

૨ **બ્રાહ્મણ**—મારા સાળા લાડુ, મુંને ભાવતા નથી;
બરફી ઉપર મન થાયછે, કહુંછું કથી. મા૦

૩ **બ્રાહ્મણ**—બરફીમાં તો શું ખાવુંછે, કરને બીજી વાત;
દુધપાક બનાવીને, ઉપર કરીએ ભાત. મા૦

બુઢો—ગડબડ તમે શું કરો છો, બોલી દીઓ ઝટ;
ખાવાનું શું થયું છે, કહોને ચટપટ. મા૦

બ્રાહ્મણો—સૌથી બાસુદીપુરીમાં, બહુ રહ્યો છે સ્વાદ;
કાકા અમને કરી આપોતો, લઈએરે પ્રસાદ. મા૦

સોમચંદ— (અરે લાલદેવ એ રાગ.)

અરે બ્રાહ્મણો, શી ગડબડ કરો;
શા માટે માંહો, માંહે લડી મરો. અરે૦
શું કારણ છે તે, મુજને કહો;
પૂછું વાત હું, તે ઉરમાં લહો. અરે૦
ઘોંઘાટ તમારો, મેં સુણ્યો અહીં;
તેનાને આવ્યો, શી છે બીના તહીં. અરે૦
દીસવામાં છો, તમે ભીક્ષુક ખરા;
અન્ય જાતકો, હોય સર્વ જરા. અરે૦
કહી ભેદ જણાવોને, નીજ નીજ ધેર;
શાન્ત થશો તો, ઇશ્વર કરશે મેર. અરે૦

બ્રાહ્મણો—શેઠજી ગડબડ ખાવાની કરીએ છીએ. કોઈ જમાડતું નથી તેથી અમારા કાકા બાસુદીપુરી કરી આપશે. તેનો સ્વાદ લેઈશું.

સોમચંદ—અલ્યા બ્રાહ્મણો! બાસુદીપુરીમાં એટલા બધા સ્વાદ છે! જો તમોને આવડતું હોય તો કહોને હું ઘરે જઇને કરાવું.

બ્રાહ્મણો—હા! અમોને આવડે છે. અમે તો બ્રાહ્મણ છીએ કે બાર! તમે કહેતા હો તો કરી આપીએ.

સોમચંદ—નાના, કરી આપવાની કાંઈ જરૂર નથી; તમે મુને કહો તે પ્રમાણે ઘરે કરાવીશ.

બ્રાહ્મણો—સાંભળો ત્યારે; પાંચશેર દુધ, ત્રણશેર સાકર, ...

ફુલ શેર અરધો, એ પ્રમાણે ચીજ લઈને પહેલું ચુલે દુધ મુકવું, દુધ ઉકળે ત્યારે સરવે મસાલો અંદર નાંખવો એટલે બાસુદીના સ્વાદનો પાર રહેશે નહીં. (સર્વે જાયછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—સોમચંદનું દીવાનખાનું.

સોમચંદ અને દીવાળી.

સોમચંદ—પ્યારી ઘરમાં શું કરછ ? અહીં આવ. શું કામકાજ કરેછે.

દીવાળી કેમ સ્વામીનાથ શું કહો છો.

સોમચંદ—સાંભળ ? મારા પ્રાણ કરતાં વહાલી ?

(કામછે દુષ્ટ વીકારી.)

એક વાત તું સુણને મારી, પ્રીયા એક વાત તું સુણને મારી ટેક.

ફરતો ફરતો આવ્યો હું પુરમાં.
હતું ટોળું બ્રાહ્મણનું ભારી; પ્રીયા.
ત્યાંનો વાત થતી હતી એવી,
ખાવું ખાવું મુખથી ઉચ્ચારી; પ્રીયા.
કોય કહે મારે લાડુ ખાવા,
કોય વદે બરફી સારી; પ્રીયા.
સૌ મળીને નિશ્ચય કીધો,
ખાવી છે બાસુદીપુરી; —પ્રીયા.

(કંગનવા મોરા કરસે સરક ગયોરે. એરાગ.)

સુણો પ્રીયા મારે, બાસુદીપુરી ખાવી રે;

બાસુદીપુરી સારી રે, દે તું મને કરી રે, ટેક
કરયો સટાનો વેપારરે, રૂપીયા કમાયો હજારરે;
તેનો જઈ બજાર લીધો મેં ચંદન હાર;
તે લઇ પાસે તારી, આવ્યો હું લાવીને. મુંણ૦

દીવાળી—ગમે એટલું લાવોરે, અર્થ સરે ન તમારોરે;
હું નહીં કરી આપું, બોલીસ તો હાથ ઉથાપુ,
મુંને સમજાવીને, બાસુદીપુરી ખાઇ જાનીરે. સુંણ૦

સોમચંદ—બસ બસ નારી મારીરે, કહુંછું હું વીસ્તારીરે,
આમાં તું દુઃખી થઇશ, પછી વાત ઉરે તું લેઈશ,
ખુશી કરને મુને. બાસુદીપુરી જમાની રે. સુણ

દીવાળી—આવા ઢોંગ ક્યાંથી લાવો છો ? તમને સાફ કહુંછું જે હું કદી કરી આપવાની નથી; અને મારે મન ગમતું જે રાંધીશ તે ખાવું પડશે. નહીં તો રેહેવા દીઓ. બાસુદી ફાસુદી કરી આપવાની નથી. તે ખચ્ચીત જાણવું.

સોમચંદ—એમ છે ? ત્યારે જો તું કરીશ અને હું ખાઇશ, તેમાં તારે અને મારે સરત શી ?

દીવાળી—જો હું બાસુદીપુરી કરી આપું, અને તમે ખાવ તો તમારી દાશી થઈને રહું નીકર તમારે ભડવા થઈને રહેવું, તે તમારે કબુલ છે ?

સોમચંદ—હા ? તે બરાબર છે..

(એટલું કહી દીવાળી જાય છે.)

સોમચંદ—મારે હવે શો ઉપાય કરવો, રાંડ હઠીલી છે તેથી મુને કરી આપશે નહીં, તે પણ ખરૂં છે, અને તેની પાસે નીચું ઘાલીને રેહેવું પડશે. તે કાંઈ ઠીક નહીં પણ ચાલ મારા સસરાને ઘરે જાઉં અને તેને આડુ અવળુ સમજાવીને લાવું; એના પીતા સારૂ આસુદીપુરી કરશે. ત્યારે આપણે કાંઈ ઉપાય કરશું, માટે ચાલ ત્યાંજ જાઉં.

(જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—નેમચંદનું ઘર.

નેમચંદ અને સોમચંદ.

નેમચંદ—અરેરે ઇશ્વર! હવેથી મારૂં શરીર ચાલતું નથી; તેમજ આંખે અંધ અને કાને બેહેરો, વળી પગ પણ થાકે રહી ગયા છે, તેથી દીવારીને ઘરે જવાની પણ શક્તિ નથી, તેમ કરતાં કોઈ દિવસે સમાચાર કેહેવરાવતી નથી, માટે તેના સમાચાર આવે તો પણ જીવને સંતોષ થાય. (એટલામાં સોમચંદ આવે છે.)

(રાગ ગોપીચંદનો)

સોમચંદ–સસરાજી મોરા, વાત કહું તે લેશો ઉરમાં.
નેમચંદ—શું કહો છો અમને, જણાવો મુંને પ્યારમાં.
ભલે આવ્યા ખુશી થયોછું, કરોને ઘરની વાત;
દીવારી મારી શું કરે છે, કહો ખરે ખાતરે. શું ક૦
સોમચંદ–પુત્રી તમારી બહુ માંદી છે, જોવા આવો સાર;

ઉઠોને તમે મારી સાથે, થાઓને તૈયારરે. સસરાજી.

નેમચંદ—એકજએકની દીકરી મારી, તેના જાશે પ્રાણ;
તમારે તો બીજી મળશે, જાણોને નીરવાણરે. શું ક૦

સોમચંદ—સાથે મારી આવવું હોય તો, ઉઠોને આવાર;
નહીં તો પછી મરજી તમારી, ચાલ્યો હું નીરધારરે સ૦

નેમચંદ—અરેરે, પરમેશ્વર પુત્રની પ્રાપ્તી તો ન આપી. પણ આ એકજ પુત્રી છે. તેનું પણ દુઃખ જોવા લાગ્યું હશે. સોમચંદ મેહેતા ચાલો ત્યારે. (જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—સોમચંદનું ઘર.

સોમચંદ, દીવાળી અને નેમચંદ.

નેમચંદ—ઓય મારી દીવાળી રે ?

દીવાળી—હાય હાય એના બાપા રે ?

નેમચંદ—કોણ દીવાળી ? તું જીવે છે ? તુંને તાવ આવતો હતો તે સવાણ છે ? મુને સોમચંદ મેહેતાએ આવીને કહ્યું એટલે મારો જીવ ઘણો ઉદાશ થયો, તેથી આહીં આવવું પડયું.

(સમાલો તેરી અદાકો જરા સુનો તો સહી એરાગ.)

દીવાળી—ભલે પીતાજી આજ, આવ્યા તમે મેંહેર કરી;
તેથી થયો છે હર્ષ, મુને બહુ ભારી. । ટેક.
ઘણે વર્ષે ખબર કાઢી, તમ તણી પુત્રીની;

જાણી દાઝ મારી, આપે ઉર ધરી. ભલે.
સમજાવી આપને, લાવ્યો છે એ અહીં;
ઘણી ખુશીમાં છું હું, દુઃખ નથી કંઈ જરી. ભલે.

ઓય મારો પીટયો ! એવું કહ્યું. આવ્યા તો ભલે આવ્યા કેમ જે બાપ દીકરી ભેળા થયા. તમે કહો તે રસોઇ કરૂં.

નેમચંદ—મારા દાંત પડી ગયા છે તેથી કાંઈ બોખે દાંતે ખવાય તેવું કરેતો સારૂં,

દીવાળી—બોખે દાંતે તો નરમ નરમ ખાવું જોઇએ. તેથી મારો સ્વામી બાસુદીપુરીના બહુ વખાણ કરે છે. તે ફક્ત તમારે જોશે એટલી કરી આપીશ, વધારે નહીં કરૂં.

નેમચંદ—ઠીક ત્યારે જલદી કર, મુને ભુખ લાગીછે.

દીવાળી—બહુ સારૂ, આ વાડામાં ઉનું પાણી ઘાટી લઇ ગયો છે ત્યાં જઈને નાવ ? એટલે રસોઈ તૈયાર કરી રાખુંછું. (તે જાય છે.)

સોમચંદ—જોયું બાપની સારૂ ઉનું પાણી. ને ધણીના સારૂ ટાઢું પાણી નાવા મુકયું છે. જોઈ રાંડની બાહાદૂરી પણ જુવો કેવો પ્રપંચ કરૂંછું તે જોશો.

નેમચંદ—વાહ વાહ? પાણી કેવું ગરમ ગરમ છે ચાલ નહીં લેઉં. (નાવાનો વીચાર કરેછે.)

સોમચંદ—નાવા મંડી પડ્યા? કાંઈ ખરચ્યુ બરચ્યુ જવું છે કે નહીં. ?

નેમચંદ—હા? જવાનો વિચાર તો છે પણ આંખે અંધ તે કેણી ગમ, જવું તે ખબર નથી.

સોમચંદ—જાવ આપણા ઘાટીની સાથે. તમોને તેડી જાય.
(સોમચંદ ઉના પાણીએ નહિને જતો રહે છે અને નેમચંદ આવી હર હર કરી નાવા માંડે છે ને ટાઢા પાણીથી રાડ પાડી કહેછે.)

નેમચંદ—દીવાળી તારૂ સત્યાનાશ જાય, મુને આવા ટાઢા પાણીથી નવરાવ્યો ?

(એટલામાં દીવાળી આવે છે.)

નેમચંદ—અરે તારે આવું કરવું હતું તો મુને નવરાવવો નહોતો.

દીવાળી—ચાલો જે થનાર હતું તે થયું, રસોઇ તૈયાર છે જમવા ઉઠો. (જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ભોજનગ્રહ.

દીવાળી, નેમચંદ અને સોમચંદ.

દીવાળી—(એકલી) (જોડી તમેના જોઇ માડી એરાગ.)

ખરેખરી હું જો હઉં નારી, (બેવાર)
મુજ પતીને કેવો રમાડું, જુવો નરનારી.
સ્વામી મારો ગયો પીયર માંહી, (બેવાર)
મંમપીતાને સમજાવીને, લાવ્યો છે આંહી.
જુવો એણે બહુ કર્યું ખોટું, (બેવાર)
બાસુદીપુરી ખાવાનું, મન થયું મોટું.
પીતાજી ! રસોઈ તૈયાર છે, ચાલો જમી લ્યો.

નેમચંદ—બહુ સારૂ દીકરી ? ચાલો !

દીવાળી—જુવો ! આ થાળમાં બાસુદીપુરી. તથા શીરો, શાક વીગેરે પીરસ્યું છે. તે જમો !

સોમચંદ—ઓય રાંડની! પોતાના બાપા સારૂ બાસુદીપુરી, ને મારી વાસ્તે રોટલો ને ડુંગળીનો કાંદો મુકયો છે. પણ જો જો બાસુદીપુરી ખાઉં તોજ મારૂં નામ ખરૂં ! !

નેમચંદ—સોમચંદ મેહેતા તમારે જમવાની શી વાર છે?

સોમચંદ—તમોએ કાંઇ પુજા બુજા કરી કે બાવાજ બંડી પડ્યા !

નેમચંદ—ના ? ભાઇ પુજા બુજા તો કરી નથી.

સોમચંદ—ચાલો ! ત્યારે કરી લ્યો! પછી જમવા બેશીએ.

(નેમચંદ પુજા કરવા બેસે છે.)

નેમચંદ—પુષ્પ સમર પયામી.

સોમચંદ—બાસુદી આરોગ્યનસમરપયામીઃ

નેમચંદ—ધુપાયંન નિવેદન સમરપયામીઃ

સોમચંદ—શીરોપુરી સર્વે આરોગ્યન સમરપયામીઃ

(પોતાના સસરા વાસ્તે રોટલો ને ડુંગળીનો કંદો મુકીને જાય છે ને નેમચંદ જમવા બેસે છે તે થાળમાં હાથ ફેરવી કહે છે.)

નેમચંદ—ઓયહાય ! આમાંથી બાસુદીપુરી કયાં ગઇ ? ને મારે દાંતે કેમ કરીને ખવાસે ! રાંડ દીવાળી ખોટું બોલીને કયાં ગઇ ? (એટલામાં દીવાળી આવે છે.)

દીવાળી—કેમ બીનાજી શું કહોછો?

નેમચંદ— શું કહું રાંડ તારૂં કપાળ ! મુને છેતરયો. તારી બાસુદીપુરી ક્યાં ગઈ ! ને મુને ભુખ્યો રાખ્યો ?

દીવાળી—અહીંથી ક્યાંય ગયા હતા ?

નેમચંદ—હા ! પુજા કરવા ગયો થો.

દીવાળી—ઓય મારો પીટયો ! બાસુદીપુરી ખાઇ ગયો. હું જો નેમચંદના પેટની હોઉં, તો પાછી બાસુદીપુરી કઢાવું. તોજ મારૂં નામ દીવાળી ખરી. (જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ— સયનગ્રહ.

દીવાળી, સોમચંદ અને નેમચંદ.

દીવાળી—ચાલો પીતાજી! આ ખાટલા ઉપર સુઈ જાવ ?

(નેમચંદ ખાટલા ઉપર સુવેછે.)

સોમચંદ—જોયું ! એના બાપ સારૂ ખાટલો ને વળી તળાઇ સુવાને આપી છે, અને મારે માટે સાદરી પાથરી છે. પણ ઠીકજ છે. સરત પ્રમાણે કરૂં તોજ ખરો !

(સાદરી ઉપર સુવે છે)

દીવાળી—વોય મારો રડયો ! સુતો જાગતો દેખાય છે, પણ કાંઇ ફીકર નહીં, કેટલી વાર સુધી જાગૃશે, પછી જોઈ લઈશ, કે શી ગત થાય છે, તે જોઈ લેજો:

(જાય છે.)

સોમચંદ—જો આપણે ઉંઘી ગયા તો ભોગ મળ્યા, ને ઉ-

લટો માર ખાશું પ્રથમ ઉપાય કરવો ઘણો સારો. ચાલ ખાટલા પાસે જઇને કાંઇ યુક્તિ કરૂં.

(ખાટલા નીચે જઇને ચુંટીયા ભરે છે પછી નેમચંદ જાગી ઉઠે છે ને બોલે છે.)

નેમચંદ—મારા શાળા માંકડ બહુ કરડે છે:

(એટલે સોમચંદ ખાટલો ઉંધો પાડે છે.)

નેમચંદ— (વેદરભીવનમાં વલવલે એરાગ.)

પુત્રી મારી તું ક્યાં ગઈ, સુવાડીને અહીં;
શું રે અહીં આ થાય છે, મુજને જારે કહી. પુત્રી.
ખાટલો તો ઉંધો પડયો. કેવો થયો કોપ;
શરીર મારૂં પીડાય છે, તું ક્યાં થઈ અલોપ. પુત્રી.
ભોગ લાગ્યા જે અહીં આવ્યો, મુને ચડી છે રીસ;
ખાવાનું તો પામ્યો નહીં, ભુખે મર્યો દીનનીસ. પુત્રી.
સોમચંદ મેહેતા દોડી આવજો, આ શું રે કેહેવાય;
બીરે મરૂં છું હું એકલો. ઉપડે નહીં પાય. પુત્રી.

સોમચંદ—શું થયું શું થયું ? નેમચંદ મેહેતા !

નેમચંદ—જુવોને ખાટલો ઉંધો પડયો, અને હું નીચે પડ્યો તેનું કારણ શું !

સોમચંદ—અહીં તમોને કોને સુવાડ્યા ! આ ઠેકાણે ભુત થાય છે, ચાલો આપણે બાહાર જઈને સુઈએ ! કેમ જે પવનને હવા સારી આવે છે.

(પછી પોતાના બીછાના ઉપર નેમચંદને સુવાડે છે અ-

ને પોતે ખાટલા ઉપર સુઈ જાય છે.)

દીવાળી—જોયું! બાસુદી ખાઈને કેવો ઉંઘે છે! ચાલ ઠીક લાગ આવ્યો છે. એણે મુને ઠગી તો હું એને ઠગુ.

(ખાટલા પાસે જઇ ખુબ મારે છે એટલે નેમચંદ રાડ પાડીને જાગી ઉઠે છે ને કહેછે.)

નેમચંદ—ઓય! ઓય માડી મરી ગયો રે!!

દીવાળી—અરર! અરર! પીતાજી! અહીંયા તમને કોને સુવાડ્યા! ત્યાં સુવું હતું ના!

નેમચંદ—ભોગ લાગ્યા જે તારે ઘરે આવ્યો. ખાવાનુ તો મળ્યું, પણ ઉલટો માર ખાવો પડ્યો; હવે હીંમખીમ જઇએ તો સારૂ.

દીવાળી—આ જગ્યે તમને કોણે સુવાડ્યા! જે ખાટલા મુકીને નીચે સુતા.

નેમચંદ—ત્યાં તો માંકડ કરડતા હતા, ને ખાટલો ઉંધો પડ્યો, એટલે સોમચંદ મેહેતાએ આવીને અહીં સુવાડ્યો.

દીવાળી—હવે અહીંયાં સુઈ રેજો! ક્યાંય જશો માં: જો જો ભુલી જતા નહી!

નેમચંદ—ભૂલી તે કેમ જઈશ, મારાં હાડકાં બહુ દુઃખે છે.

દીવાળી—જો જો! હવે મારા પીતાજીને માર ખવરાવીને પોતે ખાટલે ચડીને સુતો, પણ તેના હાલ કરૂં તે જોઇ લેશો. (જાય છે.)

સોમચંદ—રાંડ મુને પણ બરાબર મળી છે, આ વખતે એ-

ને માર ખવરાવું તોજ મારો જીવ શાન્ત થાય.

(નેમચંદ મેહેતા પાસે જાય છે.)

સોમચંદ—કેમ નેમચંદ મેહેતા અહીંયાં મારામારી શેની થઈ હતી ! તે મુને કહો તો ખરા !

નેમચંદ—બાપ! મારા કરમના ભોગ. જેતમારે ઘેર મેમાન તરીકે આવ્યો, તો દીવારીનો માર ખાવો પડ્યો. તું ક્યાં ગયો હતો તે મુને કહે !

સોમચંદ—આંહીં સુવામાં કાંઈ માલ નથી ચાલો ! આપણે ઘરમાં ખાટલા નાંખીને ત્યાં સુઇ જઇએ. અને તમને કોઇ મારવા આવે તો મુને તરત બોલાવજો ! તમને મારવા આવે એટલે તમે પણ મારવા માંડજો ! શાથી જે આ ઠેકાણે પીચાસનું જોર વધારે છે, તેથી સાવચેત રહેજો !

(નેમચંદને ખાટલા ઉપર સુવાડે છે ને પોતે બીછાના ઉપર સુવે છે ત્યાં દીવાળી આવે છે અને ખાટલા ઉપર સુતેલો જોઇને કહે છે.)

દીવાળી—મારો રડ્યો ! ખાયપીને એના સસરાને મરાવીને કેવો ઉંઘે છે ! !

(દીવાળી ખાટલા પાસે જઈને ખુબ મારે છે એટલે નેમચંદ એકદમ જાગી જાય છે.)

દીવાળી—અરે ! વળી આંહીં ક્યાંથી આવ્યા બાપા ?

નેમચંદ—રાંડ શંખણી ! ભુતડી ! વારે વારે મારી જાય

છે! અલ્યા સોમચંદ! દોડ! દોડ! આ પીચાસણી આવી. (એટલે સોમચંદ આવી પ્રવેશ કરેછે.)

સોમચંદ—મારો મારો રાંડને! વારેવારે મારી જાય છે. એજ ભૂતડી!

(પછી દીવાળીને બંને જણા ખુબ મારે છે.)

સર્વપાત્રો (શ્રી જગતપતી, પ્રભુ આપ સન્મતી.)

સહુ આર્યજન સમાજ, અર્જ કરૂં સાજ;
ફારસ અંદર ભૂલચૂક, માફી માગું આજ. સહુ.
સોમચંદે ચરિત્ર કર્યું તો, પુરી મનની હોંશ;
જેવી ઇચ્છા મનમાં હતી, એવો થયો સંતોશ. સહુ.
જુવો હઠીલી નારીએ તો, કેવો કરયો હઠ;
અંતે બાસુદી ખવરાવી, ને ખાધો છે લઠ. સહુ.
સ્ત્રીઓ તો ચરીત્ર કરે, પણ તેમાં શી નવાઇ;
કહે ત્રીકમજી પૂરૂષચરીત્ર, જાણો તમે ભાઈ. સહુ.

સમાપ્ત.